RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 306* Date: 26.08.2023,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મણિપુર હિંસાના મામલો હવે ગુવાહાટી હાઈકોર્ટમાં ચાલશેઃ સુપ્રીમ કોર્ટનો આદેશ

ઈમ્ફાલ,તા.૨૫

સુપ્રીમ કોર્ટે શુક્રવારે મણિપુર હિંસા સંબંધિત કેસોને પડોશી રાજય આસામમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે. આ માટે કોર્ટે ગૌહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને સૂચનાઓ જાહેર કરી છે. બેન્ચે કહ્યું- મણિપુર હિંસા સંબંધિત કેસોની સુનાવણી માટે એક અથવા વધુ વિશેષ ન્યાયાધીશોની નિમણૂક કરો જેની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે.

કોર્ટે એમ પણ કહ્યું છે કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને આરોપીની હાજરી ઓનલાઈન હશે. આ સિવાય મણિપુરમાં સ્થાનિક મેજિસ્ટ્રેટની સામે ૧૬૪ હેઠળ સાક્ષીઓ અને પીડિતોના નિવેદન પણ નોંધવામાં આવશે. આ સાથે મણિપુરમાં આરોપીઓની ન્યાયિક કસ્ટડી પણ આપવામાં આવશે. કોર્ટે મણિપુર સરકારને સીબીઆઈ કેસની સુનાવણીની સુવિધા માટે યોગ્ય ઈન્ટરનેટ સેવા પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. જો પીડિતા, સાક્ષી અને આરોપી કોર્ટમાં ઓનલાઈન હાજર રહેવા માંગતા ન હોય તો તેમને કોર્ટમાં શારીરિક હાજરીની મંજૂરી આપવામાં આવે છે.

સીજેઆઇ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાના સૂચનો બાદ આ આદેશ આપ્યો છે. સીબીઆઈના ૫૩ અધિકારીઓ હિંસાનાં ૨૦ કેસોની તપાસ કરી રહ્યા છે. જેમાં ૨૯ મહિલાઓનો સમાવેશ થાય છે. આ અધિકારીઓને દેશભરની સીબીઆઈ ઓફિસમાંથી એકત્રિત કરવામાં આવ્યા છે. સજીવા જેલ કેમ્પસમાં બનાવવામાં આવેલ શેલ્ટર હોમમાં ૩૮૦ વિસ્થાપિત પરિવારોને રાખવામાં આવ્યા છે. જેનું ઉદ્ઘાટન સીએમ એન બિરેન સિંહે કર્યું હતું. તેઓને ૨૩ ઓગસ્ટે સ્થળાંતર કરનારાઓને સોંપવામાં આવ્યા હતા.

પીડિત કોલિન ગોન્સાલ્વિસ, ચંદર ઉદય સિંહ, ઈન્દિરા જયસિંગ અને વૃંદા ગ્રોવરે કેસને આસામમાં ટ્રાન્સફર કરવાના પ્રસ્તાવ સામે વાંધો ઉઠાવ્યો હતો. ગોન્સાલ્વેસે કહ્યું કે જ્યાં ગુનાઓ થયા છે ત્યાં જ ટ્રાયલ્સ થવી જોઈએ. પીડિતોને આસામ જવા માટે દબાણ કરી શકાય નહીં. ઈન્દિરા જયસિંહે કહ્યું કે આ સોલિસિટર જનરલ દ્વારા અગાઉ આપવામાં આવેલી ખાતરી વિરુદ્ધ છે.

રાજ્યમાં ૩ મેથી કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચેની હિંસામાં ૧૬૦થી વધુ લોકોનાં મોત થયા છે. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે મણિપુરમાં ૬ હજાર ૫૨૩ એફઆઈઆર નોંધવામાં આવી છે. જેમાંથી ૧૧ મામલા મહિલાઓ અને બાળકો વિરુદ્ધ હિંસા સંબંધિત છે. સુપ્રીમ કોર્ટે ૭ ઓગસ્ટે કહ્યું હતું કે ૪૨ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ મણિપુરમાં હિંસા સંબંધિત કેસોની તપાસ કરશે.

સુરક્ષા દળોએ ૨૪ ઓગસ્ટ, ગુરુવારે મણિપુરમાં અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમના જિલ્લાઓમાંથી ચાર બંદૂકો, ૩૮ કારતૂસ અને ૮ બોમ્બ મળી આવ્યા હતા. મણિપુર પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, સર્ચ ઓપરેશન કાકચિંગ, કાંગપોકપી અને થોબલ જિલ્લા ઉપરાંત ઈમ્ફાલ પૂર્વ-પશ્ચિમના સંવેદનશીલ વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યું હતું.

મણિપુરના મુખ્યમંત્રી બિરેન સિંહે પણ ગુરુવારે મીડિયા સમક્ષ રાહુલ ગાંધીના નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે જો તેઓ લદ્દાખમાં છે તો તેમણે લદ્દાખ વિશે બોલવું જોઈએ, મણિપુર વિશે નહીં. ઝસ્એ કહ્યું- ત્યાં રહીને તેમણે મણિપુર વિશે કેમ વિચાર્યું? આજે મણિપુરમાં જે કંઈ થઈ રહ્યું છે તે કોંગ્રેસ દ્વારા જ થઈ રહ્યું છે. માનવ જીવન પર રાજનીતિ ન કરવી જોઈએ.

મણિપુર પોલીસે રાજ્યની સામાન્ય જનતાને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને નકલી વીડિયોથી સાવધાન રહેવાની અપીલ કરી છે. આ સાથે, સેન્ટ્રલ કંટ્રોલ રૂમનો નંબર - ૯૨૩૩૫૨૨૮૨૨ - કોઈ વિડિયો અસલી છે કે નકલી તેની પુષ્ટિ કરવા માટે જારી કરવામાં આવ્યો છે.

## ગ્રીસે પીએમ મોદીને ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનરથી નવાજ્યા



**સન્માન મેળવ્યા બાદ પીએમ મોદીએ ગ્રીસના રાષ્ટ્રપતિ અને લોકોનો આભાર માનતા કહ્યું કે આ દર્શાવે છે કે ગ્રીસના લોકોનું ભારત પ્રત્યે કેટલું સન્માન છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શુક્રવારે એથેન્સમાં ગ્રીક રાષ્ટ્રપતિ કેટેરીના એન. સાકેલારોપૌલો દ્વારા ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર એનાયત કરવામાં આવ્યા હતા.**

**સન્માન મેળવ્યા બાદ પીએમ મોદીએ ગ્રીસના રાષ્ટ્રપતિ અને લોકોનો આભાર માનતા કહ્યું કે આ દર્શાવે છે કે ગ્રીસના લોકોનું ભારત પ્રત્યે કેટલું સન્માન છે.**

**"મને ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર આપવા બદલ હું રાષ્ટ્રપતિ કેટેરીના સાકેલારોપૌલો, સરકાર અને ગ્રીસના લોકોનો આભાર માનું છું. આ દર્શાવે છે કે ગ્રીસના લોકો ભારત પ્રત્યે કેટલું સન્માન ધરાવે છે. જપ્રેસિડેન્સીજીઆર," તેમણે ઠ પર જણાવ્યું.**

## ડાકોરમાં રણછોડજીના VIP દર્શન માટે ચૂકવવો પડશે ૫૦૦ રૂપિયા ચાર્જ





**ગુજરાતનું વધુ એક મંદિર વિવાદમાં આવે તેવી ભિતી જોવામાં આવી રહી છે. કારણ એ છે કે ડાકોરમાં રણછોડરાયના દર્શનને લઈ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, હવે રણછોડરાયના દર્શન કરવા માટે પણ પૈસા ચૂકવવા પડશે. મળતી માહિતી અનુસાર, ભગવાન રણછોડરાયના નજીકથી દર્શન કરવા રૂ.૫૦૦ ચૂકવવા પડશે. નોંધનીય છે કે, ખેડાના ડાકોરમાં મંદિર કમિટી દ્વારા આ વિવાદીત નિર્ણય લેવાયો છે.ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામમાંથી એક ડાકોરમાં હવે ફૈં દર્શનનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે. માહિતી અનુસાર,ખેડાના ડાકોરમાં મંદિરની કમિટી દ્વારા એક વિવાદિત નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં હવે ભક્તોએ ભગવાનના નજીકથી દર્શન કરવાં માટે પણ પૈસા ચૂકવવા પડશે. જેમાં મંદિરમાં ઠાકોરજીના સન્મુખ ઉંબરા સુધી જઈને દર્શન કરવાનો વ્યક્તિદીઠ ૫૦૦ રૂપિયા ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.ડાકોરમાં મંદિરની કમિટીના વિવાદિત નિર્ણય પ્રમાણે હવે ભક્તોએ રણછોડ રાયના નજીકથી દર્શન કરવા માટે રૂ.૫૦૦ ચૂકવવા પડશે. આ સાથે મહિલાઓની લાઈનમાં પુરૂષે જઈ દર્શન કરવા હોય તો ૨૫૦ રૂપિયા ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. મહિલાઓ માટેની દર્શનની જાળીએથી પુરુષે દર્શન કરવા હોય તો ૨૫૦ રૂપિયા ન્યોછાવર પેટે ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. જોકે ગઈકાલે આ નિર્ણયના પ્રથમ દિવસે ગુરુવારે ૭ દર્શનાર્થીઓ ૫૦૦ રૂપિયા અને ૩ વ્યક્તિ ૨૫૦ રૂપિયા ચાર્જ ચૂકવી ફૈં દર્શન કરવા માટે પણ ગયા હતા.**

## નવા સેવા કાયદાનું પરીક્ષણ કરશે સુપ્રીમ કોર્ટ, દિલ્હી સરકારની અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ

દિલ્હી સરકાર હવે અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગ (દિલ્હી સેવા કાયદા)ને લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. આને લઈને દિલ્હી સરકારે નવા ॡઞ્ઢ (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ કાયદો સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યો છે. આ બિલને પાસ કરવા માટે ૧૩૧ સાંસદોએ તેની તરફેણમાં જ્યારે ૧૦૨ લોકોએ તેની વિરુદ્ધમાં વોટ આપ્યો હતો. આ પછી રાષ્ટ્રપતિ દ્વારા સંમતિ આપવામાં આવી હતી.હવે સુપ્રીમ કોર્ટ નવા સેવા કાયદાની તપાસ કરશે. દિલ્હી સરકારની અરજી પર કેન્દ્રને નોટિસ મોકલીને ચાર સપ્તાહમાં જવાબ માંગવામાં



આવ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારની વટહુકમ અરજીમાં સુધારો કરીને કાયદાને પડકારતી અરજીને મંજૂરી આપી હતી. કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજી પર કહ્યું કે તેમને કોઈ વાંધો નથી. ઉલ્લેખનીય છે કે દિલ્હી સરકારે અગાઉ ૧૯ મેના વટહુકમને પડકાર્યો હતો, જેના પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી. દરમિયાન, કેન્દ્રએ બિલને સંસદમાં રજૂ કર્યું હતું અને તેને ઓગસ્ટમાં બંને ગૃહોમાંથી પસાર કર્યું હતું. આ પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧૨ ઓગસ્ટે તેના પર હસ્તાક્ષર કર્યા અને તે કાયદો બની ગયો."ॡઢૈંછ ગઠબંધન રાજધાની દિલ્હીમાં સેવાઓ નિયંત્રણ કાયદાનો સખત વિરોધ કર્યો. આ ઉપરાંત દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કર્યું કે આ માત્ર દિલ્હીના લોકોને ગુલામ બનાવવાનો પ્રયાસ છે. હવે દિલ્હી સરકારે અરજી દાખલ કરીને સુધારા કાયદાને પડકાર્યો છે.

## નવા સંસદ ભવનમાં ૫૪૩ સાંસદો ગદર ૨ ફિલ્મ જોશે, સ્ક્રીનિંગ ૩ દિવસ સુધી ચાલશે

નવીદિલ્હી,તા.૨૫

સની દેઓલની ફિલ્મ એવું કમાલ કરી રહી છે, જેની મેકર્સને આશા પણ નહોતી. ગદર ૨ વર્ષ ૨૦૦૧માં આવેલી ફિલ્મ ગદર એક પ્રેમ કથાની સીક્વલ છે. ફિલ્મ વર્ષની બીજી એવી ફિલ્મ બની છે, જેનું કલેક્શન ૪૦૦ કરોડથી વધારે થઈ ગયું છે. ફિલ્મની કહાની સાથે ફિલ્મના ડાયલોગ્સ અને ગીત લોકોને ખૂબ પસંદ આવી રહ્યા છે. હવે સમાચાર મળી રહ્યા છે કે સની દેઓલ અને અમીષા પટેલની આ ફિલ્મ સાંસદોને બતાવામાં આવશે.

સની દેઓલના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મ ગદર ૨ સાબિત થઈ છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ કમાણી કરી રહી છે. ખબર મળે છે કે, ફિલ્મ હવે સંસદના ૫૪૩ સાંસદોને ૩ દિવસ સુધી બતાવામાં આવશે.

હકીકતમાં જોઈએ તો, અનિલ શર્મા દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આજે એટલે કે ૨૫ ઓગસ્ટથી ત્રણ દિવસ સુધી સંસદના નવા ભવનમાં સ્ક્રીનિંગ કરવામાં આવશે. ફિલ્મના નિર્માતા કંપની ઝી સ્ટૂડિયોઝે આ સમાચારની પુષ્ટિ કરી છે, પણ આ ઉપરાંત વધારે કોઈ જાણકારી આપી નથી.

## નીરજ ચોપડાનો વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ, પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય




ભારતના સ્ટાર એથ્લેટ નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના પ્રથમ પ્રયાસમાં જ ૮૮.૭૭ મીટર ભાલો ફેંકીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. ડીપી મનુ પણ નીરજની સાથે ગ્રુપ છમાં છે, જ્યારે કિશોર જેના ગ્રુપ મ્માં એકમાત્ર ભારતીય છે. આ સાથે જ નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિક માટે પણ ક્વોલિફાય કર્યું છે.આ સાથે જ નીરજ ચોપરાએ પણ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૮૫ મીટરથી વધુ ભાલા ફેંકીને પેરિસ ઓલિમ્પિક માટે પણ ક્વોલિફાય કર્યું છે. પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવા માટે ઓછામાં ઓછા ૮૫.૫૦ મીટરની જરૂર છે અને નીરજે તેના પહેલા જ પ્રયાસમાં ૮૮.૭૭ મીટર દુર ભાલો ફેંક્યો હતો. એટલું જ નહીં તે ટેબલમાં પણ ટોપ પર પહોંચી ગયો છે. એથ્લેટિક્સમાં વર્લ્ડ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ક્વોલિફાય થવા માટે, ઓછામાં ઓછા ૮૩ મીટરની ભાલા ફેંક જરૂરી છે અથવા તે જૂથમાં ટોચના એથ્લેટ બનવું જરૂરી છે. નીરજે તેના પહેલા જ પ્રયાસમાં ૮૩ મીટરથી વધુનું અંતર કાપ્યું અને ફાઈનલમાં જગ્યા બનાવી. નીરજ સિવાય કોઈ એથ્લેટ પ્રથમ પ્રયાસમાં ૮૩ મીટર દૂર ફેંકી શક્યો નહોતો.

## લમ્પી વાયરસ ફાટી નીકળતા સુરતમાં ૧૫ પશુઓના મોત

લમ્પી વાયરસના પુનરુત્થાનથી ગુજરાતમાં ફરી એક વખત ચિંતાનો માહોલ સર્જાયો છે કારણ કે તાજેતરમાં ફાટી નીકળેલા સુરતના માંગરોળ તાલુકામાં ૧૫ પશુઓના મોત થયા હતા. જેમાં વેટરનરી ટીમે રસીકરણના પગલાં તાત્કાલિક શરૂ કર્યા હતા.સુરત જિલ્લામાં લમ્પી વાયરસ ફાટી નીકળ્યો હોવાથી, સ્થાનિક આરોગ્ય સત્તાવાળાઓ ઝડપથી એક્શનમાં આવ્યા હતા. વેટરનરી ટીમે ચાર્જ સંભાળ્યો, એક વ્યાપક કામગીરી શરૂ કરી જેમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં લક્ષિત રસીકરણના પ્રયાસો સામેલ હતા. ઉલ્લેખનીય છે કે, તાજેતરના



ફાટી નીકળવાના કારણે વેરાકુઇ ગામમાં ૧૫ પશુઓના કમનસીબ મોત થયા હતા.લમ્પી વાઈરસનો ચિંતાજનક પ્રકોપ સુરત જિલ્લામાં ફેલાયો છે, જેમાં માંગરોળ તાલુકામાં નોંધાયેલા કેસોમાં વધારો થયો છે. દેગડીયા અને વેરાકુઇ ગામડાઓમાં પણ આ વાયરસ પશુઓમાં ફેલાયો છે. આ અંગેની પરિસ્થિતિના જવાબમાં પશુપાલન વિભાગે માંગરોળ તાલુકાના ગામડાઓમાં વ્યાપક સર્વે શરૂ કર્યો છે.

## તંત્રી લેખ......

# રશિયાની એક જાહેરાત...અને વિશ્વના દેશોમાં ચંદ્રની જમીન પર જવા માટેનો રસ વધારી દીધો

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડિંગ કરીને ભારતે એવો કરિશ્મા બતાવ્યો છે જે અત્યાર સુધી દુનિયાનો કોઈ દેશ કરી શક્યો નથી. ચંદ્રની એક તરફ રશિયા, અમેરિકા અને ચીન જેવા દેશો છે, જ્યારે બીજી બાજુ દક્ષિણ ધ્રુવ પર એકલું ભારત છે. દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવું એ પોતાનામાં એક મોટો પડકાર હતો, જે ભારતે પૂર્ણ કર્યો છે. ઘણા મોટા દેશોએ અહીં પહોંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ માત્ર ભારતને જ સફળતા મળી. ચંદ્ર પર સફળતાની પ્રથમ ઝલકથી દેશના ૧૪૦ કરોડ લોકોની છાતી ગર્વ અને ગૌરવથી ફુલી ગઈ છે.

રશિયાનું ચંદ્ર મિશન માત્ર ૯ દિવસમાં નિષ્ફળ ગયું.. જે જણાવીએ, તમને ભારતની ઐતિહાસિક ઉડાનનો ખ્યાલ એ હકીકત પરથી મળી શકે છે કે જે દેશનો નાગરિક પ્રથમ વખત અવકાશમાં પગ મૂક્યો હતો, જે દેશે અવકાશયાન દ્વારા પ્રથમ વખત ચંદ્ર પર પહોંચવાનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે. તે દેશ એટલે કે રશિયા જે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર તેમનું મિશન માત્ર ૯ દિવસમાં નિષ્ફળ ગયું. પરંતુ તમામ પડકારોનો સામનો કરીને ભારતે ચંદ્રની ધરતી પર સફળતા મેળવી છે.

# વેશભુષા

શું વેશ કાઢ્યા છે ?

જરા અરીસામાં તો જો ?

તારી નજરે નહી, દુનિયાની નજરે જો?

'મમ્મી, તું દુનિયાની ફિકર શું કામ કરે છે'?

'મને જે ગમે તે પહેરવાનો અધિકાર છે.'

મમ્મી તને ખબર છે, " દુનિયાકો લાત મારો દુનિયા સલામ કરે" .

'મને ખબર છે આ ગાયન તું મારી પાસેથી શીખી છે'. તે તો સાંભળ્યું પણ નહી હોય.

'મા, બાળપણથી તારા મુખે સાંભળ્યું છે. '

૨૧મી સદીમાં આ વાર્તાલાપ ઘરે ઘરે સંભળાય છે. તેમાં સત્ય છુપાયેલું છે. પહેરવેશ એ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. મંદીરમાં જાવ અને બાંય વગરનું તેમજ મીની સ્કટ પહેરીને જાવ એમાં તમારી શોભા નથી.

મારા મત પ્રમાણે તમે ક્યાં જાવ છો અને શું પહેરો છે એ સ્થળ અને સમયને અનુરૂપ હોવું જરૂરી છે. પછી તો,' પસંદ અપની અપની ખયાલ અપના અપના ' જેવું છે.

પહેરવેશ એ વ્યક્તિનિ પ્રતિભાને ચાર ચાંદ લગાડે છે. પછી ભલે તે મોંઘો હોય કે સસ્તો એ અગત્યનું નથી.તમે કઈ રીતે પહેરીને નિકળો છો એ મહત્વનું છે. પહેરવેશ તમારી ઓળખ છે. તમારું વ્યક્તિત્વ તેમાં ખીલી ઉઠે છે. શું પહેર્યું છે , એ મહત્વનું છે. કેટલાનું છે એ વાત છીછરા લોકો કરે છે. જેમને પોતાના પૈસાનો મદ છે.

આજે કહ્યા વગર રહી નહી શકું ,ભર જુવાનીમાં જ્યારે ઓછા પૈસામાં પણ સુઘડ રીતે ઘર ચલાવતી હતી ત્યારે ભલે ૨૦૦ રુપિયાની સાડી પહેરી હોય પણ તેની સામે ૨૦૦૦ની પહેરીને નિકળેલી વ્યક્તિ પૂછતી, 'આ સાડી ક્યાંથી લીધી ?"

પહેરવેશ તમારી પ્રતિભાને ખિલવે છે. ભલે આપણે મનગમતી વેશભુષા કરીએ કિંતુ થોડો ખ્યાલ સ્થળનો રાખીએ તે આવશ્યક છે. સાથે પોતાના કદ અને આકારનો ખ્યાલ રાખીએ તો સારું. જે સલવાર ૧૬ વર્ષની કન્યાને રુપ સુંદરી બનાવે એ મારા પર બેડોળ પણ લાગી શકે ! તે સમયે આયનાને મિત્ર બનાવવો. ત્રાહિત વ્યક્તિ થઈ તેનો અભિપ્રાય સાચા દિલથી પામવો.

મને યાદ છે પાંચ વર્ષ પહેલા મારી સહેલીએ જમવા બોલાવી હતી. તેને ઘરે સાસુજીના ગુરુને આમંત્ર્યા હતા. તેની વહુ બાંય વગરનું અને પાછળથી ખુલ્લું પોલકું પહેરી પીરસતી હતી. અરે ગુરુને પણ શરમ આવી તે તેમના મોઢા પરથી સ્પષ્ટ જણાઈ આવ્યું. મેં તેને બાજુમાં બોલાવી કહ્યું, 'બેટા તને વાંધો ન હોય તો બ્લાઉઝ બદલીને આવ. તે ડાહી હતી. સમજી ગઈ.

આમ પહેરવેશ અગત્યનો છે. આપણા દેશમાં તો જેમ દરેક રાજ્યમાં ભાષા જુદી તેમ સાડી પહેરવાની ઢબ પણ અલગ છે. હવે તેની જગ્યા સલવાર કમીઝે લીધી છે. જરુર કહીશ આપણી સાડી જેવો કોઈ પોષાક નથી !

૭૫થી ૮૦ વર્ષની મહિલા વહુ સાથે પંજાબી પહેરીને આવે તો મુખ મલકી જાય એમાં નવાઈ નથી. તેની બૂરાઈ કરવા નહી પણ એ સમયે બધેથી નિકળતા વજનને ઢાંકવા સાડી જેવી કોઈ ચીજ નથી.
સંમત થવામાં પાપ નહી લાગે. પછી તો પસંદ અપની અપની ખયાલ અપના અપના. પ્રવિણા કડકીયા ,અમેરીકા

# ભારતની દેખાદેખીમાં અમેરિકાએ ૧૬૦૦૦૦૦૦૦૦૦૦૦ ડોલર ( ૧.૬ લાખ કરોડ ડોલર) ની રેવડી વહેંચી !!

આજે દેશમાં રેવડીની ઘમાસાણ ધમાલ ચાલે છે. રેવડીએ દેશને રવાડે ચડાવ્યો છે. લોકો બે ભાગમાં વહેંચાઈ ગયો છે. રેવડીની તરફેણ કરનાર. રેવડીનો વિરોધ કરનાર. તમે જો રેવડી વહેંચો તો કલ્યાણ યોજના કહેવાય. સામેવાળા વહેંચે તો રેવડી ગણવાની. રેવડી તત્ત્વતઃ શું છે? એક સુંદર મજાનો શૈશવકાળ હતો જ્યારે ગળ્યું ખાવાનું મન થાય ત્યારે પતાસાં, સુખડી કે શીંગ રેવડી ખાવા મળી જતાં. અલબત્ત પતાસાં તો ખાંડની ચાસણીથી બનતી મીઠાઈ એટલે ઝાઝી ન ખાઈ શકાતી. વળી કોઈ ઉત્સવ કે પ્રસંગ વખતે એ ખાવાનું વધુ ચલણ રહેતું. સુખડી એટલે ઘી – ગોળમાં ઘઉંનો લોટ બનાવી તૈયાર થતી વાનગી જે નિયમિત ધોરણે ખાવા ન મળે. શીંગ અને રેવડી એ એવું કોમ્બિનેશન હતું જે બારમાસી હતું, માગો ત્યારે મળી જાય અને બહાર રમવા જઈએ કે વાડીએ મસ્તી કરવા જઈએ, ખિસ્સામાં ભરીને લઈ જવાય. રમતા-કૂદતા ભૂખ લાગે તો રેવડીને કારણે ગળપણનો સ્વાદ આવે અને બંને ભેગા ખાવાથી પેટ ભરાઈ જાય અને તલ ગુણકારી હોવાથી શરીરને તાકાત આપે. વેકેશનમાં મામાના ઘરે જઈએ ત્યારે શેરીના નાકે નાથાલાલની દુકાને ક્યારેક ટોફી – ખારી બિસ્કિટ તો ક્યારેક રેવડી – શીંગ અને બપોરે બરફગોળાનો જલસો હોય જ. મંદિરમાં પ્રસાદ તરીકે રેવડી આપવાનો રિવાજ હજી પણ ક્યાંક સચવાયો છે. ગુજરાત અને યુપીમાં રેવડીનું ચલણ વધારે રહ્યું .થોડા સમય પહેલાં ખુદ રેવડીનુી રેવડી દાણાદાણહતી!! આબરૂ ધૂળધાણી કરવામાં આવે ત્યારે રેવડી કરવી એમ કહેવાય છે. સાકર કે ગોળ સાથે બનતી તલની આ મીઠાઈનો એક ઓછો જાણીતો પ્રયોગ છે રેવડીના પેચમાં લેવું. કોઈને ફસાવવું , સપડાવી દેવું કે આંટામાં લેવું એવો એનો ભાવાર્થ છે. અન્ય એક પ્રયોગ છે રેવડીના ફેરમાં પડવું જેનો અર્થ મુશ્કેલીમાં મુકાઈ જવું એવો થાય .રેવડી અંધકારમાં જીવન બસર કરતી હતી. દુનિયા રેવડીથી અનભિજ્ઞ હતી.જે રાતોરાત લાઈમ લાઈટમાં આવી ગઈ. માનો કે રાતોરાત લોટરી નીકળી!! વોટના બદલામાં મતદારોને લલચાવી કોઈ ભેટ આપવાનો આરોપ વિરોધ પક્ષ પર લગાવી આ પ્રથાને 'રેવડી સંસ્કૃતિ' તરીકે ઓળખાવી હતી. દરિયાપાર પણ આ નિમિત્તે 'વ્હોટ ઈઝ રેવડી?' એવો સવાલ પૂછાયો હોય તો નવાઈ નહીં.

બપોરનો સમય હતો. રજાના દિવસો સિવાય મોલમાં ગ્રાહકોની ભીડ ભાગ્યે જ હોય. મોલના એક ખૂણામાં તલસાંકળી,પતાસા,સિંગની ચિકકી, સોનપાપડી, સુખડી,સિંગસાકરિયા,દેવડા, ડ્રાયફ્રૂટ ચિકકી કોઈની પર પસ્તાળ પાડતા હતા.

'' અલી,બહું ચડી વાગી છે!'' સુખડીએ મેં મચકોડતા કહ્યું.

'' ગઈ કાલ સુધી ખૂણામાં પડી પડી ગંધાતી હતી.'' તલસાંકળીએ કહ્યું

'' મિડલ કલાસ. થર્ડ કલાસ. કોઈ ડાયેટ વેલ્યું નહી. અનબેલેન્સડ ફૂડ સ્ટાફ. પુઅર ગાઈસ!'' ડ્રાય ફ્રૂટ ચિકકીએ સ્વેગ તેમ જ એરોગન્સી દેખાડી.

'' પેલા મોટા સાહેબે જરા ઉલ્લેખ કર્યો એમાં તો ચડી વાગી છે'' સિંગ સાકરિયાએ નવરાત્રીની આરતીની જેમ સિંગ સાકરિયાએ કહ્યું

આ બધાની વચ્ચે જેની પર પસ્તાળ પડતી હતી તે રેવડી અડગ ચટાનની જેમ ટટાર ઉભી હતી. તેના ચહેરા પર શરમ, ગુનેગારભાવ, પશ્ચાત્તાપ , પરાજયબોધના ભાવ પ્રતિબિંબિત થતા ન હતા.

આજથી વરસો પહેલાં પંદરમી ઓગષ્ટ કે ૨૬ મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં આગેવાનો-વેપારીની દરિયાદિલીની દાનથી નિશાળિયાને પતાસા મફતમાં વહેંચવામાં આવતા હતા. તેની સામે કોઈને વાંધો ન હતો.

આપણને હવા, પાણી, સૂરજપ્રકાશ કુદરત પાસેથી રેવડી રૂપે મળે છે તેનો હોબાળો નથી. સાહેબનું ચાલે તો તેની કિંમત વસૂલે અને તેના પર અઠાવીસ ટકા જીએસટી( જીએસટી એટલે જીવન સર્વિસ ટેકસ.ગબ્બર સિંહ ટેકસ કોણ બોલ્યું? બેશરમો !!)

આપણે જન્મથી લઈને અંતિયેષ્ટિ માટે રોકડ કે વસ્તુસ્વરૂપે રેવડી વેચીએ છીએ. ખેડુતોના ખાતામાં સહાયની રેવડી ડીબીટીથી જમા કરીએ છીએ. ખેડુત નાબાર્ડ પાસેથી લોન લે તેના વ્યાજની સબસીડીની રેવડી વહેંચીએ છીએ .એ પણ બંધ ન કરવા પડે. શાસક તરીકે વહેંચીએ એ પ્રસાદ છે. સામાવાળા વહેંચે રેવડી છે!!!

ચૂંટણી સમયે નદી નહાય ત્યાં બંધ બાંધવાનું વચન આપીએ એ ચુનાવી રેવડી છે. કૂકર,મિકસચર, ટેબ્લેટ, સાઈકલ,
ઈ -બાઈક, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન,ધોતી , ફ્રી પાણી, ગેસ સિલિન્ડર, સાડી, બીડી , બુમલા, જુમલા,મંગળસૂત્ર, વીંટી, મામેરું, કરિયાવર,રોકડ રકમ, તિજોરી, ટિફિન, બેરોજગારી ભથ્થું વગેરે શું છે! કામગીરીનો આધાર લઈને કોણ ચૂંટણી લડે છે? આપણે લોકોએ ભરેલા ટેકસના નાણાંમાંથી લોકોને જ ફ્રીબીઝ આપીએ તો તેનો વિરોધ શા માટે? આપણે તાન્ઝાનિયા કે ઈથોપિયાના નાગરિકોને ખેરાત આપતા હોઈએ તે કેને વિરોધ બરાબર છે. આપણા દેશના નાગરિકોનો સરકારની કમાણી પર હક્ક છે, આ કોઈ ખેરાત નથી. દેશમાં મબલખ અનાજ પાક્યું હોય અને ટેકાના ભાવે ખરીદેલ અનાજ ગોડાઉનની સગવડ ન હોવાથી ખુલાસામાં સડે, ગોડાઉનમાં સડે , બીજી બાજુ દેશની વસ્તીનો ૧/૪ ભાગ અનાજ વિના ભૂખમરાથી પિડાતો હોય તો તેને મફતમાં અનાજ આપવું એ રેવડી કહેવાય? આવી સહાયને રેવડી કહેવી એ માનસિક નાદારીનો કેસ બને છે!!

માની લો કે મફતમાં ગરીબોને આપતી બધી બાબતો રેવડી છે તો અમીરોને મફત જમીન , સ્ટેમ્પ ડયુટીમાં મુકતિ, વેચાણવેરા, ઈલેકટ્રિક ડયૂટીમાં માફી એ રેવડી નથી તો કાજુકતરી કે અંજીરરોલ છે? આનો જવાબ કોઈ શૌધતું નથી કે મળે તો બોલતું નથી. મોં પર ખંભાતી તાળું લાગી જાય છે!! રેવડી રેવડી સાંભળીને કાન પાકી ગયા છે. ક્યાંક તો વરસાદમાં કરાની જગ્યાએ રેવડી પડી છે!! વૃધ્ધો માટે રેવડી આફતની પુડી છે. રેવડી ખાવાથી રહ્યા સંહિતા દાંત પણ દેવ થઈ જવાની સંભાવના રહેલી છે!!ક્યાંક ગુનેગારોને કોર્ટે ફરમાવેલી સજા પૂરી થાય તે પહેલાં જેલમુકત કરીને રેવડી વિતરણ કરવામાં આવે છે!!

હમણા એક બેંકે તેના ટોપ ઓફિસરોને રેવડી ભથ્થું સોરી મોબાઈલ ભથ્થું મંજૂર કરવાનો નિર્ણય કર્યો. જેમાં દર વરસે રૂપિયા બે લાખનું મોબાઈલ ભથ્થું મંજૂર કર્યુ. આટલી મોટી તોતિંગ રેવડી આપવા છતાં કોઈ ઊહાપોહ થયો નથી. આવે કહેવાય સ્માર્ટ અને પ્રોફેશનલ રેવડી!!

અમેરિકામાં અત્યારે ૪.૩ કરોડ લોકો એવા છે કે જેમણે એજ્યુકેશન લોન મેળવી છે તેમાંથી ત્રીજા ભાગના લોકો એટલે કે ૧.૪૩ કરોડ લોકોએ ૧૦,૦૦૦ ડોલરથી ઓછી લોન લીધી છે. અમેરિકામાં કુલ એજ્યુકેશન લોનનું પ્રમાણ ૧.૬ લાખ કરોડ ડોલર જેટલું છે.જેમની વાર્ષિક આવક ૧.૨૫ લાખ ડોલર હોય અગર પરીવારની આવક ૨.૫૦'લાખ ડોલર હોય એવા વિધાર્થીની ૧૦૦૦૦ હજાર ડોલરની લોન માફ કરવાનો નિર્ણય કર્યો છે. આ યોજના કોરોના કાળમાં અમેરિકન પ્રજા ઉપર આવી પડેલા સંકટ અને ચાર દાયકાની સૌથી ઉંચી મોંઘવારી સામે રક્ષણ આપવા માટે ભણતર માટે વિધાર્થીઓએ લીધેલી લોન માફ કરવામાં આવી હતી.

# ૨૬ ઓગસ્ટ, "ઇન્ટરનેશનલ ડોગ ડે"

કૂતરા એ માણસોની સૌથી નજીક રહેતા પશુઓ છે. તેઓ માણસોને કાયમ વફાદાર રહે છે. કૂતરા એ માણસની ભાવનાઓને સારી રીતે સમજવાની ક્ષમતા ધરાવે છે. તેમની આ જ વફાદારીને મનાવવા માટે ૨૬ ઓગસ્ટે "વર્લ્ડ ડોગ ડે" મનાવવામાં આવે છે. માણસના સૌથી પ્રિય મિત્ર તરીકે જાણીતા કૂતરા એ મનુષ્ય સાથે બિનશરતી પ્રેમ કરે છે.

''ઈન્ટરનેશનલ ડોગ ડે'' મનાવવાનું ચલણ ૨૦૦૪ માં અમેરિકાની કોલિન પેજ એ કર્યુ હતું. તે સંરક્ષણવાદી, પશુ બચાવ અધિવકતા, ડોગ ટ્રેનર અને લેખિકા છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ એ હતો કે દરેક નસ્લના કૂતરાઓને સાચવવા માટે લોકો આગળ આવે. પ્રથમ ''આંતરરાષ્ટ્રીય ડોગ ડે'' ૨૬ ઓગસ્ટ, ૨૦૦૪ નાં રોજ મનાવવામાં આવ્યો હતો. ૨૦૧૩ થી ડોગ દિવસને માન્યતા મળી અને દરેક દેશોમાં આ દિવસ મનાવવાની શરૂઆત થઈ. કોલિન પેજ એ ૨૬ ઓગસ્ટ ને જ ડોગ ડે તરીકે એટલે પસંદ કર્યુ કારણ કે આ તારીખે તેમના પરિવાર એ પોતાના પહેલા કૂતરા ' શેલ્ટી ' ને એક પશુ આશ્રય ગૃહમાંથી લાવીને અપનાવ્યું હતું. કેલીન પેજ ઘણા અન્ય નેશનલ દિવસો જેવા કે પપ્પી ડે, નેશનલ કેટ ડે, નેશનલ વાઈલ્ડ લાઈફ ડે ના સંસ્થાપક પણ છે.



કૂતરા અને વ્યક્તિના સંબંધમાં કેટલાય પ્રકારની શોધ થતી રહી છે. વૈજ્ઞાનિકોને શોધમાં જાણવા મળ્યું છે કે કૂતરાં પાળવાથી વ્યક્તિની ફિઝિકલ એક્ટિવિટી વધે છે. જેના કારણે ઑબેસિટી અને ડાયાબિટીસ થવાનું જોખમ પણ ઘટી જાય છે. આ જ કારણ છે કે કૂતરાં મનુષ્યના સારા મિત્ર હોય છે. મનુષ્યોમાં મિત્રતા પાછળ હંમેશા કોઈને કોઈ સ્વાર્થ તો હોય જ છે, પરંતુ કૂતરા કોઈ પણ બાબતે સ્વાર્થી નથી હોતા. કૂતરા નિસ્વાર્થ ભાવથી પોતાના માલિકને પ્રેમ કરતાં હોય છે અને તેના બદલે માલિક પાસેથી પણ માત્ર પ્રેમની જ આશા રાખતા હોય છે. કોઈ પણ સંકટ અથવા મુશ્કેલ સમયમાં કૂતરા પોતાના માલિકનો જીવ બચાવવા માટે પોતાનો જીવ ગુમાવવા માટે પણ તૈયાર હોય છે. કૂતરા આંખો જોઈને માણસોના હાવભાવ ઓળખી લેતા હોય છે. ૧ વર્ષની ઉંમરનો કૂતરો એટલો મોટો હોય છે જેટલો ૧૫ વર્ષનો એક બાળક હોય અને કૂતરા ૨ વર્ષના બાળક જેટલા સમજદાર થઈ શકે છે અને તેઓ ૧૫૦ શબ્દ પણ શીખી શકે છે. કૂતરાની સૂંઘવાની શક્તિ પણ માણસથી સુંઘવાની શક્તિ કરતા ૧૦૦૦ ગણા વધારે હોય છે. માદા કૂતરીઓ પોતાના ગર્ભમાં ૬૨ દિવસ બાળકોને રાખે છે. "કૂતરાથી સાવધાન" એવી ચેતવણી પ્રાચીન રોમના એક શહેરના દરવાજા પર સૌપ્રથમ વાર લખેલી મળી હતી. કૂતરાઓનું પ્રાચીન કાળથી જ અનેરું મહત્વ છે. આપણા પૂર્વજો એમ કહેતા કે પહેલી રોટલી ગાયની અને બીજી રોટલી કૂતરાની. જેનો અર્થ હતો કે કૂતરા ફ્રી માં ઝેડ પ્લસ સિક્યોરિટી આપે છે તેથી તેમનું રક્ષણ, પોષણ કરવું એ આપણી જવાબદારી છે. મહાભારતનાં સમયમાં યુધિષ્ઠિર જ્યારે પોતાના ભાઈઓ અને પત્ની દ્રૌપદી સાથે સ્વર્ગ સુધી જઈ રહ્યા હતા ત્યારે ભાઈઓ અને પત્નીનાં મૃત્યુ બાદ કૂતરો જ હતો જે પહેલેથી અંત સુધી એમની સાથે રહ્યો હતો. ૮૪ લાખ યોનિના ફેરાઓમાં કૂતરાનો જન્મ એ છેલ્લો જન્મ કહેવાય છે. વર્તમાન સમયમાં તો કૂતરા પર ફિલ્મો પણ બનવા લાગી છે. ૭૭૭ ચાર્લી શ્વાનની વફાદારી પર બનેલી ફિલ્મ ઘણી ચર્ચાયેલી છે. પાલતું કૂતરાઓની સાથે સાથે શેરી, ગલીમાં રખડતા કૂતરાઓને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ કારણ કે એ તો કોઈ પણ પ્રકારનું વળતર લીધા વગર સતત સ્કીયોરીટી ગાર્ડની ભૂમિકા ભજવે છે. સ્ટ્રે ડોગ્સને પણ પાલતું કૂતરાઓની જેમ જ સાચવીને તેમને દરરોજ દૂધ અને રોટલા ખવડાવવા જોઈએ.

# ભાજપા ને ખુલ્લો પત્ર

## (સોશિયલ.મીડિયામાં વાયરલ થયેલ)

★હેલ્લો ભાજપા, હવે ચુંટણી મોડમાંથી બહાર આવીને અસલી મુદ્દા પર કામ શરૂ કરો. નહીંતર...!!★

★ગુજરાતમાં અને આખા ભારતમાં ભાજપાને ભવ્ય જીત આપી છે એ રોડ, વીજળી, કે મફત અનાજ માટે નથી આપી★

★માત્ર ધર્મ માટે જ વોટ આપ્યા છે★

★આ વાત ભાજપા ન ભુલે★

★સેક્યુલર બનવાની લ્હાય ન ઉપડે એનું ધ્યાન રાખવું. જે કામ માટે દિવસ રાત ભાજપ ની જયજયકાર કરી છે સોશિયલ મિડિયામાં, જાગૃતિ લાવવામાં સૌએ યોગદાન આપ્યું છે. એટલે હવે અસલી મુદ્દા પર આવી જાઓ★

★નીચેની બાબતો પર સત્વરે કાર્ય આરંભ કરો એવી તીવ્ર ઈચ્છા★.

★બીજાં કામ કરો , એની કોણ ના પાડે છે? પણ અસલ વાત ન ભુલતા★

★સબકા સાથ સબકા વિકાસ, એ બધું કરો કરતા રહો, પણપ ભારતને ભારત્વ બનાવવાના મકસદને કિનારે ન કરશો.★

★આગામી સમયમાં ભાજપને સફળતા નહીં મળે.★

★વધુમાં કદાચ ૨૦૨૪ માં સરકાર બનાવી શકશે, ત્યાર બાદ ભાજપ પુર્ણ બહુમત સાથે ક્યારેય નહીં જીતે★

★કેમકે..મુસ્લિમ વોટર્સ, વામપંથી, સેક્યુલર પાર્ટીઓનાં વધતા જતા મતદાતા ઓ ૨૦૨૯ સુધી ખુબ મોટી સંખ્યામાં થઈ ગયા હશે, ત્યાર બાદ ભાજપ સમેટાઈ જશે★

★ત્યાં સુધી ભારતને, હિન્દુત્વને જો ખરેખર બચાવવું હોય તો નીચેનાં મુદ્દાઓ પર કાનુન બનાવવા જ પડશે.★ ★મ્ત્ઁ માત્ર ઈમોશનલ બ્લેક મેલ કરીને વોટ તો લઈ જાય છે હિંદુઓના★

★અને સબકા સાથ, સબકા વિકાસ વાળું ગાણું ગાયા કરે છે એ ચુંટણીમાં જ સારું લાગે. રિયલ લાઈફમાં મુખ્ય એજન્ડા પર આવવું જ પડશે.★

★૧- લવ જેહાદ વિરુદ્ધ કાયદો.★

★૨- લેન્ડ જેહાદ વિરુદ્ધ કાયદો.★

★૩ - ગૌચરની જમીન મુક્ત થાય.★

★૪- દ્વારકા, સોમનાથ જેવા હિન્દુ ધર્મ સ્થળમાં માત્ર હિન્દુ વસવાટ થવો જોઈએ.★

★૫- શહેરી વિસ્તાર માં ઢોર રોડ પર રહે નહી.★

★૬-યુવાઓ માટે વોર્ડ દીઠ કોમન પ્લોટ પર એક અખાડો જેમાં યુવાઓ રમત રમી મજબૂત થઈ શકે.★

૭-છોકરીના લગ્ન મા-બાપની મંજુરી વગર ના થાય.

★૮- દરેક શહેરમાં લાઉડ સ્પીકરના અવાજ બંધ થાય અથવા ધીમા થાય.★

૯- જે વ્યક્તિ જે ધર્મ પાળતો હોય એના નામ સિવાય અન્ય ધર્મના ભ્રમિત નામે ધંધા ના નામ ના રાખી શકે.

★૧૦- જાહેરમાં નમાજ પર પ્રતિબંધ.

★૧૧- દારૂ વેચનાર, બનાવનારની સંપતિ જપ્ત થાય.★

૧૨- સરકારી સંપતિ નુકશાન કરનારને ૧૦ વર્ષ મતધિકર રદ, રેશન કાર્ડ, લોન બંધ થાય.

૧૩- બેટ દ્વારકામાં આર્મી/ નેવી કે બીએસએફનું સેન્ટર બને, અને અવૈધ કબ્જા હટે.

૧૪- હિન્દુ દીકરીઓને આત્મ રક્ષણની ટ્રેનીંગ મળે.

૧૫- ધર્માંતરણ કરતી સંસ્થાઓને સજા, દંડ થાય, ધર્માંતરણ અટકે અને ઘર વાપસી કરવો.

૧૬- પાઠ્ય પુસ્તકોમાં રામાયણ, મહાભારનાં પાઠોનો સમાવેશ.

૧૭- ગામડે ગામડે જે અવેધ મજારો ખડકી દીધી છે, એ દુર કરવામાં આવે.

રોડ પર, બસ સ્ટેશન પર, રેલવે ટ્રેક પર એમ જ્યાં જુઓ ત્યાં મજારો પાથરી દીધી છે એને ઉખાડી દેવામાં આવે.

૧૯૪૭ બાદની તમામ મજારોને અવેધ ઘોષિત કરવામાં આવે.
અલગ કબ્રિસ્તાન હોવા છતાં પીર ફકીર રોડ પર જ કેમ સુઈ જાય છે ?

દરેક પીરનાં પ્રમાણિત ઈતિહાસની સૂચિ આપવાની રહેશે.અને પ્રમાણિત કરવું પડશે.

જો ! ભગવાન શ્રીરામ ને પણ પ્રમાણિત કરવા પડતા હોય તો પીરને પણ પ્રમાણિત કરવા જ પડશે.

નવી મસ્જિદની પરમિશન માટે કાયદા કડક બનાવવામાં આવે.

૧૮- ઈજીજીના પાઠને સ્કુલમાં દાખલ કરો.

૧૯- પુજારીઓના પગારની પડતર માંગણી પુરી કરવામાં આવે.

૨૦- ગામડે ગામડે ધાર્મિક મંડળોને દર મહિને પ્રોત્સાહન રાશી આપવામાં આવે.

૨૧- કોમી હુલ્લડ કરનારને આજીવન કારાવાસની સજા. સંપતિ કુર્ક કરવામાં આવે.

૨૨- ★સરકારી તથા ખાનગી નોકરી કરનારને ઈસ્લામિક પહેરવેશ અને લાંબી દાઢી-કટ મુંછવાળા મુસ્લિમ હુલિયા પર પ્રતિબંધ લગાવવામાં આવે.

સ્ત્રી નોકરી કરતી હોય તો કામનાં સ્થળે બુરખો નહીં એ કાયદો લાગુ કરવામાં આવે.

૨૩- સ્કુલમાં સરસ્વતી વંદના ફરજિયાત કરવામાં આવે. જેમાં મુસ્લિમ બાળકોને પણ જોડવામાં આવે.
વારા ફરતી મુસ્લિમ સ્ટુડન્ટ પણ પ્રાર્થના બોલાવે.

સ્કુલમાં જાલી ટોપી, બુરખા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવે.

પ્રતિ પક્ષ દલીલ આપે છે કે તો તિલક બંધ કરવામાં આવે, તો એ નહીં બંધ નહીં થાય. તિલક ભારતીય સંસ્કૃતિ છે.

૨૪-પાકિસ્તાનનાં નારા લગાવવા કે ઝંડો ફરકાવવો રાષ્ટ્ર દ્રોહનાં કાયદા હેઠળ આવે.
એવી વ્યક્તિને તથા એની સાથે સંકળાયેલા લોકોની વિના વોરંટ ધરપકડ કરવામાં આવે.

દોષીને પાંચ વર્ષની કડક સજા કરવામાં આવે.
૨૫- ભારતને હિંદુ રાષ્ટ્ર ઘોષિત કરવામાં આવે.

૨૬- યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવે.

૨૭- ★જનસંખ્યા નિયંત્રણ લાગું
કરવામાં આવે★

૨૮- રોહિંગ્યાઓને જલદીથી બહાર કાઢવામાં આવે★
૩૦- ★મંદિરોમાં આવતા પૈસા પર સરકારનો ટેક્ષ બંધ કરવામાં આવે.★

★એ પૈસા ઘર વાપસી, ગુરુકુલ, ગૌ શાળા, સનાતન ધર્મ પર ખર્ચ કરવામાં આવે.★

૩૧- ★મુસ્લિમ વિસ્તારમાં રહેતા હિંદુઓને હથિયાર રાખવાનો પરવાનો આપવામાં આવે★

૩૨- ★દેવી દેવતાઓ પર અભદ્ર ટિપ્પણી કરનારને કડક સજા આપવામાં આવે.

૩૩- ★મુસ્લિમનો અલ્પસંખ્યકનો દરજ્જોતાત્કાલિક ખતમ કરવામાં આવે કેમકે સંવિધાનમાં સ્પષ્ટ ઉલેખ છે કે ૧૦% થી વધુ થઈ જાય તો અલ્પ સંખ્યક નો લાભ ખતમ થઈ જાય છે.★

૩૪- ★વકફ બોર્ડને તાત્કાલિક બંધ કરવો.★

★આ બોર્ડ દ્વારા પચાવી પાડવામાં આવેલી જમીનને સત્વરે પાછી મેળવવામાં આવે.★
૩૪- ★મજાર, દરગાહ પર લાઈટ બિલ ફરજિયાત આપવાનો કાનુન બને.★

૩૫- ★કોર્ટ મેરેજમાં બંનેનાં માં-બાપની મંજૂરી જરૂરી હોય.

૩૬- ★મુસ્લિમ યુવક, હિંદુ યુવતી હોય તો કોર્ટ મેરેજ ન કરી શકે★
??

★આ ઉપરાંત હિંદુ હિતના કાનુન કડકાઈ સાથે લાગુ કરવામાં આવે.★

★જો તમે પણ સહમત હો તો આ મેસેજ શેયર કરતા રહો.★

★ભાજપ સરકાર સુધી આ વાત સ્પષ્ટ રીતે પહોંચવી જોઈએ.★ હવે માત્ર હિન્દુત્વ પર કામ કરો. દબાવ બનાવો હિંદુઓ.

★નહીંતર ભાજપ બારે માસ ચૂનાવી મોડ માં જ રહે છે★ રામ મંદિર, ધારા ૩૭૦, ત્રિપલ તલાકની પાછળ ક્યાં સુધી છુપાશે ભાજપ?

★હવે નવું કામ પણ કરો, આનાથી વધારે કેટલી મોટી જીત આપવી?★

★અભી નહીં તો કભી નહીં... ફોરવર્ડ કરો.★

★ભાજપનાં હર નેતા ના મોબાઈલમાં આ મેસેજ પહોંચે એવી રીતે ફોરવર્ડ કરતા રહો★

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




દ્વંદ્વ જીજી દ્વં-૧૦૬
વિષય-શ્રાવણના સરવરિયાં
શીર્ષક-અદ્ભૂત ક્ષણ
શબ્દ-૨૧૯
નામ-મુક્તિદા કુમાર'રુપલી'
oooooooooooooooooooooo

આ શ્રાવણના
વરસાદના છાંટણાં★
★શીખવે છે કે,...★
★જિંદગીની સૌથી★
★અદ્ભૂત ક્ષણો★
★પકડી શકાતી નથી★
★ફક્ત માણી શકાય છે.★
" આ શ્રાવણના સરવરિયાં પ્રેમનાં સરવરિયાં -પ્રેમની રુતુ"
શ્રાવણનાં સરવરીયાં રોમાંચિત કરી દે છે!
મેઘના પ્રેમથી ભીંજાયેલી, પ્રેમથી અંકુરિત થયેલી લીલુડી
ધરતી !ઉપર હજી
વરસાદનું વહાલ જીણું જીણું,ઝરમર ઝરમર વરસ્યા જ કરે!
ધરતી આનંદ વિભોર થઈ જાય.ખીલું ખીલું થઈ જાય.
આવા, શ્રાવણનાં સરવરિયાં
વ્હાલમ્ ની યાદ,સુમધુર સ્પર્શનો એવો રોમાંચિત અનુભવ
કરાવે! આપણે પણ ગાઈ ઊઠીએ

આભમાં જીણી ઝબૂકે વીજળીરે
ગુલાબી કેમ કરી જાશો ચાકરીરે!
જીણા ઝરમર વરસે મેહ!
ભીંજાયમારી ચુંદડીરે લોલ
ચુંદડીમાં નીતિ કૌમાર્યનો નેહ!
ભીંજાય હાથીને ભીંજાય ઘોડલા રે
ભીંજાય હાથીએ બેસનાર સૂબો..
ગુલાબી નહિરે જાવા દઉં ચાકરી રે..(કવિ શ્રી નાથાલાલ)
આ તો વરસાદમાં વહાલમ્ ના સાંભળું તને હું?
ઝરમરીયા વરસાદે , ભીંજવું પ્રીતમ તને હું!
ઝીણા ઝરમર વરસાદે
વાલમ્ તારા વહાલના ફોરાં ના લૂટું?
વરસતા વરસાદની ઝરમર .. પ્રેમિકા મોતીડે વધાવતી હોય
પ્રેમીને, અને પ્રેમી ઉમંગમાં આવી કહેતો હોય, શ્રાવણી
ઝરમરનું એક એક મોતી જેવું ટીપું, ભલે વરસતું રહે!
આપણને ભીંજાવતું રહે..એ એક એક મોતી જેવું ટીપું જ્યાં
સુધી વરસે છે.. તેથી પણ વધારે,અનંત પ્રેમ હું તને કરતો
રહીશ.
શ્રાવણી મોસમ છે. તું એ પ્રેમની ઝરમરને સાંભળતી રહે,
સંભાળતી રહે,માણતી રહે!
આણી કોરે ઉન્માદની હેલીમાં અકળાતી હું!
ઓણી કોરે શ્રાવણના સરવરિયાંને ઝીલતો તું.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વં.૨. જી.જી દ્વં. - ૧૫૨
વિષય - શ્રાવણનાં સરવડા
પ્રકાર - પદ્ય ગઝલ
શીર્ષક - શ્રાવણ સરવડે..
શબ્દો - ૮૯

વિરહ તણું આ ઝેર ના પીવાય છે વરસાદમાં.
શ્રાવણ સરવડે દિલ પાગલ થાય છે વરસાદમાં.

લીલી ચટક આ ચૂંદડી ઓઢી ધરા ખીલી ગઈ,
મેઘા તણાં ઓવારણાં લેવાય છે વરસાદમાં.

પળ પળ પડે ભાગે રમે આ ભૂલકાં આનંદથી,
સૌ બાળ પાણીથી રમી ટેવાય છે વરસાદમાં.

આ જિંદગી તો સાવ પરપોટા સમી ભાસે મને,
અરમાન પાણી સાથ તો વેચાય છે વરસાદમાં.

ઓગાળશું આ જાતને તારા મહીં એવું કહી,
સાગર નદી જેવા વચન દેવાય છે વરસાદમાં.

આ ગામ ચૌટે ભટકતાં સૌ કોઈની પરવા નહીં,
બિંદાસ્ત મિત્રો સાથમાં જીવાય છે વરસાદમાં.

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

દ્વંદ્વ જીજી દ્વં : ૦૦૯૨
પ્રકાર:- પદ્ય
વિષય :- શ્રાવણના સરવડા
શિર્ષક :- સૃષ્ટિનું વરદાન

શ્રાવણ માસે, વરસે આકાશે,
ઝરમર - ઝરમર સરવડા.
પિયુ વિરહમાં તપ્ત વિજોગણની,
આંખથી વરસે જેમ આંસુડાં.

ક્યારેક અગ્નિ સમ તપતો સૂરજ,
ઓકે અગનના જાણે ગોળા.
ક્યારેક કરતો સંતાકૂકડી,
ઉતરે અચાનક અંધારાના ઓળાં.

વીજળીના કડાકાથી ડરાવતો,
બનતો ગાંડોતૂર જ્યારે શ્રાવણ.
વરસાવતો હેલી ને ભીંજવે,
ધરા, પશુ- પક્ષી માનવમહેરામણ.

અમીવર્ષા કરતો ક્યારેક,
જાણે સ્નેહમાં તરબોળ કરતો પ્રેમીજન.
ચંદન સમ કરતો શીતળ છાંટણા,
જે સુગંધમાં તરબતર કરતા તન- મન.

આબાલ વૃધ્ધ સહુને મનભાવક,
જાણે રાહ જોઈ બેઠેલું કોઈ ચાતક.
એના પ્રેમના સહુએ યાચક,
ભાગ્ય પલટાવી દેતો એ જ અચાનક.

મન મયુર બની નર્તન કરે,
ધરા એનામાં તલ્લીન થઈ કીર્તન કરે.
એના આગમનથી કુદરત પરિવર્તન કરે,
શુષ્ક વાતાવરણમાં પ્રાણનું અવતરણ કરે.

તારા સ્પર્શ વિના જીવસૃષ્ટિ બેહાલ છે,
તુજ થી છે પ્રગતિ ને સમયની ઝડપી ચાલ છે.
કુદરતની તું એક મોટી મ્હેર છે,
તારું આગમન એ તો ખુદમાંજ એક કમાલ છે.

અલકા નવિનચંદ્ર મહેતા..ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં -૧૫૪

વિષયઃ- શ્રાવણના સરવૈયા
શબ્દોઃ- ૧૨૦
શીર્ષકઃ- મનનાં આડંબરો

મહાદેવ હું તારે દ્વારે રોજ આવી નહીં શકું,
જળ બિલીપત્ર ફૂલ ચડાવી યાચી નહી શકું.

આ કળિયુગમાં જીવવું મોટી કઠણાઈ છે,
મોહમાયામાં પરોવાતા ખુદને રોકી નહી શકું,

ખેદ ભાવના જાગે ત્યારે જ હરી ૐ? બોલાય છે,
એમનેમ ૐ નમઃ શિવાય બોલી નહીં શકું.

કામ ક્રોધ મદ મોહમાં જીવડો ફસાય છે,
અંત સમયે જીવને શિવમાં પરોવી નહીં શકું.

શ્રાવણનાં સરવૈયાંમાં શિવ ઘણું હેત વરસાવે છે,
વારંવાર થતાં ઝાપટાં છતાં ટાઢક પામી નહીં શકું.

માળાના મણકા ફેરવવામાં સઘળે ભટકતું મન છે,
ભજન કીર્તન કરીને હરિ નામ લઈ નહીં શકું.

હે ભોળાનાથ આ મારો જન્મારો સુધારવો છે,
પણ એક લહું ઈશ્વરમાં રુચિ રાખી નહીં શકું.

અહીં કહેલ દરેક અંતરામાં સઘળું સત્ય જ છે,
સત્ય કડવું હોય એટલે કદી સ્વીકારી નહીં શકું.

બીના એન પીઠડીયા, વૈદેહી
અમદાવાદ

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં મિશ્ર વલણઃ ક્રૂડ તેલ, મેન્થા તેલમાં વૃદ્ધિ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

કોટન-ખાંડી વાયદો ઢીલોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૧૧૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૯૮૭ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૫,૪૩૭ સોદાઓમાં કુલ રૂ.૨૩,૧૩૦.૧૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૧૧૨.૧૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૯૮૭.૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૫,૪૧૯ સોદાઓમાં રૂ.૩,૩૪૫.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૭૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૮૧૮ અને નીચામાં રૂ.૫૮,૬૯૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭ ઘટી રૂ.૫૮,૭૯૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૪૭,૨૫૯ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૫,૮૧૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૫૮,૪૩૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૩૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૭૪૯ અને નીચામાં રૂ.૭૩,૨૬૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૧ વધી રૂ.૭૩,૬૫૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૭ ઘટી રૂ.૭૩,૨૩૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૮ ઘટી રૂ.૭૩,૨૩૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૨૩૯ સોદાઓમાં રૂ.૧,૩૭૨.૬૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૩૩.૬૫ના ભાવે ખૂલી, રૂ.૪.૬૫ વધી રૂ.૭૩૮.૪૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૯૭.૪૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૯૮.૨૦ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૪ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૧૫ વધી રૂ.૨૧૩.૭૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૬૩૪ સોદાઓમાં રૂ.૧,૩૩૭.૨૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૫૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૩૭ અને નીચામાં રૂ.૬,૫૪૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૫ વધી રૂ.૬,૬૧૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૯૧ વધી રૂ.૬,૬૧૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૦૮.૬૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૧.૬ ઘટી ૨૦૮.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫૬.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૦૦૦ અને નીચામાં રૂ.૫૮,૭૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ ઘટી રૂ.૫૮,૯૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૯.૨૦ વધી રૂ.૯૭૪.૯૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૪૫.૪૮ કરોડનાં ૨,૧૨૦.૬૮૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૦૦.૦૯ કરોડનાં ૨૮૨.૭૪૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૧૭.૨૪ કરોડનાં ૯,૩૫,૦૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૨૦.૦૫ કરોડનાં ૩,૩૨,૮૪,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૯.૩૮ કરોડનાં ૭,૦૧૧ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯.૫૧ કરોડનાં ૨,૧૨૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૧૯.૬૫ કરોડનાં ૧૧,૧૫૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૭૪.૧૫ કરોડનાં ૧૭,૪૦૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૧.૪૮ કરોડનાં ૩,૬૪૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૫.૦૯ કરોડનાં ૩૫૨.૦૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૧૨.૮૩૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૩.૪૨૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૪૭૫.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૭૬૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૨૬૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૦,૨૮૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૫,૧૪,૦૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૦૮,૫૨,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૩,૦૦૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૪૨.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૦.૧૨ કરોડનાં ૩૮૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૩૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૮૦૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૫૦ અને નીચામાં ૧૫,૭૯૮ બોલાઈ, ૫૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫ પોઈન્ટ ઘટી ૧૫,૮૩૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૬૯૮૭.૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૧૬.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૭૯.૮૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૦૭૯.૧૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૦૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૬૩.૦૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૦ અને નીચામાં રૂ.૧૭૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨.૬૦ વધી રૂ.૨૧૧.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૫.૧૫ અને નીચામાં રૂ.૧૨.૬૦ રહી, અંતે રૂ.૦.૭૫ ઘટી રૂ.૧૪.૧૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૫.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭૯ અને નીચામાં રૂ.૫૦૫.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૫૦ વધી રૂ.૫૬૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬ ખૂલી, ઉપરમાં રૂ.૨૭.૫૦ અને નીચામાં રૂ.૨.૫૦ રહી, અંતે રૂ.૧૭.૫૦ ઘટી રૂ.૬ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૭ના ભાવે ખૂલી, રૂ.૬૯.૫૦ ઘટી રૂ.૧૦૩ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૨૬ના ભાવે

આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૮.૫૦ વધી રૂ.૨,૫૪૬.૫૦ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૬ વધી રૂ.૧૦.૫૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૦ અને નીચામાં રૂ.૧૮૪.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૯ ઘટી રૂ.૧૯૩.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૧૫ અને નીચામાં રૂ.૯.૭૦ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૧૦.૪૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૨ અને નીચામાં રૂ.૩૦૪.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૫૦ ઘટી રૂ.૩૦૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫ અને નીચામાં રૂ.૬ રહી, અંતે રૂ.૯ ઘટી રૂ.૧૭ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૪૫ના ભાવે ખૂલી, રૂ.૯૧ ઘટી રૂ.૩૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૯૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૯ ઘટી રૂ.૧,૫૮૪ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૦૨ વધી રૂ.૨.૦૨ થયો હતો.

## કોંગ્રેસના અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઓ.બી.સી. વિભાગ દ્વારા

# માંડલ કમિશનના પૂર્વ અધ્યક્ષ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રીશ્રી બી.પી. માંડલની જન્મ જયંતિની ઉજવણી

માંડલ કમિશનના પૂર્વ અધ્યક્ષ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રીશ્રી બી.પી. માંડલની જન્મ જયંતિની ઉજવણીનો કાર્યક્રમ સમગ્ર દેશમાં કોંગ્રેસના અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઓ.બી.સી. વિભાગ દ્વારા ઉજવવામાં આવ્યો તેના ભાગરૂપે આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. વિભાગ દ્વારા ઓ.બી.સી. વિભાગના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવીના અધ્યક્ષ સ્થાને રાજીવ ગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે ઓ.બી.સી. વિભાગના જીલ્લા ચેરમેનશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકરો દ્વારા ઉજવવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અને સી.ડબ્લ્યુ.સી.ના મેમ્બરશ્રી જગદીશ ઠાકોર, રાષ્ટ્રીય સેવાદળના અધ્યક્ષશ્રી લાલજી દેસાઈ, ઓ.બી.સી. વિભાગના પ્રભારીશ્રી રાજેન્દ્ર રાંક, સહપ્રભારીશ્રી દિબંગર રાઉત તથા સહપ્રભારીશ્રી સુલ્તાનસિંહ ગુર્જર અને અન્ય આગેવાનોએ હાજર રહી પ્રાસંગીક પ્રવચનો કરી શ્રી બી.પી. માંડલના કાર્યોને યાદ કરવામાં આવ્યાં હતાં.બી.પી. માંડલની જન્મજયંતી નિમિત્તે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાઈ-બહેનોને સંબોધન કરતા સી.ડબ્લ્યુ.સી.ના સભ્ય અને વરિષ્ઠ નેતાશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, માંડલશ્રીએ સમર્ગ દેશમાં ઓ.બી.સી.માં લોકો માટે જે સેવાકીય કાર્યો કરેલા છે જેને અવિસ્મરણીય ગણાવી શકાય કારણ કે માંડલજી દ્વારા ઓ.બી.સી. સમાજના લોકોના ઉત્થાન માટે કરેલા કાર્યો થકી હાલ આપણે સૌ લોકો માંડલ કમીશન દ્વારા ભલામણ કરેલ ભલામણોના કારણે સામાજીક અને શૈક્ષણીક વિકાશ કર્યા. દેશ તેમજ ગુજરાતમાં ઓ.બી.સી. સમાજના લોકોના હક્ક - અધિકારો પર વર્તમાન સરકાર જે તરાપ મારી રહી છે તેના પર અંકુશ રાખવો જરૂરી છે. વર્તમાન સરકાર સામે એકત્ર થઈને લડવું જ પડશે તો જ આપણે આપણો અધિકાર માછો મેળવી શકીશું.રાષ્ટ્રીય સેવાદળના અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, માંડલ કમિશનની સંપૂર્ણ રૂપરેખા તેમજ દેશમાં આર.એસ.એસ.ની કુટનીતીથી સમગ્ર રાષ્ટ્રને થઈ રહેલા નુકસાનથી ઉપસ્થિત લોકોને અવગત કર્યા.ગુજરાત પ્રદેશ ઓ.બી.સી. વિભાગના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ ગઢવીએ શ્રી બી.પી. માંડલને યાદ કરીને તેમણે આપેલું સુત્રયાદ કરાવ્યું હતું કે, ''સામાજીક ન્યાય નહી આધા અધુરા લેકર રહેંગે પુરા પુરા'' તેમજ ઓ.બી.સી. સમાજ પ્રત્યેની શ્રી માંડલની કાર્ય પધ્ધતિને બીરદાવી તેમના સમર્પણને માટે ધન્યતા અનુભવી.

# પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સદભાવના બળદ આશ્રમ અને શ્વાન આશ્રમમાં દાન આપવા અપીલ



સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા બળદ આશ્રમ અને શ્વાન આશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર–બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર બળદોને સદભાવના બળદ આશ્રમ દ્વારા આશરો અપાઈ રહ્યો છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ–બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૭૦૦ જેટલા બળદોને 'સદભાવના બળદ આશ્રમ' ખાતે આશરો અપાયો છે.

શ્વાન એ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને,બીમાર પડીને, ઉંમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 'સદભાવના શ્વાન આશ્રમ' ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા ,ફેકચરવાળા, અંધ, અપંગ શ્વાનોને કાયમી આશરો મળી રહ્યો છે તેમજ તેમને જરૂરી સારવાર, સુવીધાઓ મળે છે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવે છે અને એક પરિવારના સભ્યની જેમ તેમનો નિર્વાહ કરવામાં આવે છે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઇ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સદભાવના બળદ આશ્રમ અને શ્વાન આશ્રમમાં દાન આપવા અપીલ કરવામાં આવી છે.

# ઇડર આર્ટ્સ અને કોમર્સ કોલેજમા કવિશ્રી નર્મદ જયંતીની ઉજવણી કરાઇ



ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ ઈડર સંચાલિત ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આટર્સ અને પી. એન. પટેલ કૉમર્સ કૉલેજમા તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૩ના ગુરૂવારના રોજ કૉલેજના આચાર્ય ડૉ. એ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત કવિશ્રી નર્મદ જન્મજયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમા પ્રિ. ડૉ. નરેશભાઇ પટેલ, પ્રિ. ડૉ. અરવિંદભાઇ પટેલ, ડૉ. મનુબેન પટેલ, ડૉ. ભીખાભાઇ પટેલ, પ્રો. રાકેશભાઇ, પ્રો. પ્રેમદાસ તેમજ ૧૫૦થી વધુ વિદ્યાર્થીમિત્રોની ઉપસ્થિતિ રહી હતી કાર્યક્રમના આરંભે તજજ્ઞનો શબ્દથી સ્વાગત પરિચય આચાર્ય ડૉ. એ. એમ. પટેલે કરાવેલ ત્યાર બાદ કવિશ્રી નર્મદની છબીને પુષ્પાંજલી મહેમાનશ્રીઓ દ્વારા અર્પણ કરવામા આવી કૉલેજના વિદ્યાર્થી ભરવાડ સુરેશભાઇ કવિ સ્વરચિત કાવ્યગાન કરવામા આવ્યુ ત્યારબાદ તર્જ મહેમાનશ્રી પ્રિ. ડૉ. નરેશભાઇ પટેલ કવિના જીવન-સાહિત્ય વિષયક પ્રસંગો પોતાની કેફિયતમા અસરકારક શૈલીમા રજુ કરવામા આવ્યા અંતે આભારવિધિ ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. મનુબેન પટેલ કરી સમગ્ર કાર્યક્રમનુ સુંદર સંચાલન ડૉ. ભીખાભાઇ પટેલ કર્યુ વિદ્યાર્થીઓની સહભાગીદારી વિશેષ રંગ લાવી હતી

# ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળાઓ–પાંજરાપોળોની સહાય યોજનાની વિગતો વેબસાઈટ

રાજયની રજીસ્ટર્ડ ગૌશાળાઓ અને પાંજરાપોળો તથા ગ્રામ પંચાયતોને ધ્યાન દોરતા જણાવવાનું કે, નાણાંકીય વર્ષ-૨૦૨૩–૨૪ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના, પબ્લિક ટ્રસ્ટ એકઠ હેઠળ નોંધાયેલ ગૌશાળા–પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાયની યોજના આઈ-ખેડૂત પોર્ટલ પર મુકવામાં આવેલ છે. યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો બોર્ડની ઊહ્નજૈીઃ રૅ://પ્ક્ષ્રેજીદૃક્ર.પ્ક્ષ્રેદ્ધક્રક્રિં.ર્ય્ક્ષદૃ.હ પર ઉપલબ્ધ છે. એપ્રિલ–૨૦૨૩ થી જુન–૨૦૨૩ ના તબકકાની સહાય માટે તા. ૨૫/૦૮/૨૦૨૩ થી તા. ૧૪/૦૯/૨૦૨૩ દરમ્યાન આઈ-ખેડૂત પોર્ટલ પર અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન અચૂક અરજી કરવાની રહેશે. જે તબકકા માટે ઓનલાઈન આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી ન કરેલ લાભાર્થી સંસ્થાને તે તબકકાની સહાય મળવાપાત્ર રહેશે નહી.ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કાઢી, પશુ ચિકિત્સા અધિકારીશ્રી અને જીલ્લા નોડલ અધિકારીશ્રીની ભલામણ સહીત અને અરજી અરજી ફોર્મમાં જણાવેલ બિડાણ સહિત અરજી, ઓનલાઈન કર્યા તારીખથી દિન–૨૧ માં નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત કચેરી ખાતે અરજી રજૂ કરવાની રહેશે. સદર ઓનલાઈન કરેલ અરજી તથા અરજીમાં બિડાણમાં જણાવેલ સાધનિક—કાગળો સાથે જો લાભાર્થી દ્વારા નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ખાતે દિન–૨૧ માં રજુ ન કરે તો તે અરજી રદ કરવા પાત્ર રહેશે. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, બ્લોક નં. ૭/૨,ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર પર બોર્ડને મોકલી આપવાની રહેશે. જિલ્લા નોડલ અધિકારીશ્રીની યાદી બોર્ડની ઉપર જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છેઅરજી સાથે જોડવાના જરૂરી પેપર્સ (૧) સંસ્થાના રજીસ્ટ્રેશનની પ્રમાણીત નકલ (૨) સંસ્થાની જમીનના ૭/૧૨, ૮-અ, ૬-હકકપત્રકના ઉતારાની અધ્યતન સ્થિતિએ કઢાયેલ નકલ (૩) સંસ્થાની બેંક પાસબુકની નકલ સંસ્થાના હિસાબ સંભાળના વ્યકિતની સહી, વ્યકિતનું નામ, મોબાઈલ નંબર, અને રાઉન્ડ સીલ–સ્ટેમ્પ મારી રજૂ કરવી (૪) સંસ્થાના લેટરપેડ પર એકાઉન્ટનું સંચાલન કરતા હોય તેવા વ્યકિતનું નામ, મોબાઈલ નંબર તથા આધાર કાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સાથે રજૂ કરવું (૫) બાહેંધરી પત્ર સંસ્થાના સહી કરનાર ટ્રસ્ટીએ પોતાનું પુરું નામ, મો.નં., આધારકાર્ડ વિગેરે નકલ જોડવી (૬) સંસ્થાના ટ્રસ્ટીઓના નામ સરનામા (૭) સંસ્થાનું બંધારણ અને પેટા કાયદાની નકલ (૮) સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ રીપોર્ટની નકલ (૯) સંસ્થામાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચની વિગતો વિગેરે જરૂરી પેપર્સ ફરજીયાત અરજી સાથે જોડવાના રહેશે.આ યોજનાનો લાભ ગુજરાતની તમામ ગૌશાળાઓ-પાંજરાપોળોને મળે અને સરકારની ભાવના પણ સાચા અર્થમાં સાર્થક થાય તેવી ઉમદા અને પવિત્ર ભાવનાથી ગુજરાત સરકારની આ યોજનાઓનો લાભ લેવા ગૌશાળા–પાંજરાપોળોને ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના નેશનલ એડવાઈઝરી કમિટીના માનદ સભ્ય મિતલ ખેતાણીએ અપીલ કરી છે.

# બોર્ડની પરીક્ષાઓ શાળાઓને સોંપી દેવાની ખાસ જરૂર છે.

આપને ત્યાં જેમા વધારે ધ્યાન આપવું જોઈએ વધારે કાળજી માવજત લેવી જોઈએ એ શિક્ષણ પ્રત્યે હંમેશા દુર્લક્ષ સેવવામાં આવે છે.

હવે દર વરસે લેવાતી બોર્ડની પરીક્ષાઓની પદ્ધતિમા કેન્દ્ર સરકાર ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ બુધવારે યોજાયેલી એક મહત્વની બેઠક પછી કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે દેશમાં બોર્ડની પરીક્ષા હવે વરસમાં બે વાર થશે નવી શિક્ષણ નીતી હેઠળ બોર્ડ પરીક્ષાઓનું નવું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે અને ૨૦૨૪ ના શિક્ષણસત્રમા પુસ્તકો પણ તેને અનુરૂપ તૈયાર કરાશે.

બોર્ડની પરીક્ષાઓ આવે છે તે વખતે જે ઘરનો વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા આપવાનો હોય એ આખા



ઘરની પરીક્ષા હોય એવો માહોલ હોય છે.બહુ બધું ટેન્શન ચિંતા અને ડર હોય છે પરીક્ષા શરૂ થાય અને પુરી થાય ત્યાં સુધી ઘરમાનો કોઈ પણ વ્યક્તિ સરખું જમી શકતો નથી.કે સુઈ શકતો નથી વિદ્યાર્થીની ઉપર જબરદસ્ત તનાવ દબાણ હોય છે કેટલાક વિદ્યાર્થી ટેન્શનમા યાદ રાખેલું ભુલી જાય છે કેટલાકને કઈ યાદ રહેતું નથી કેટલાકની તબિયત ખરાબ થઈ જાય છે કેટલાક ડિસ્પ્રેશનમા આવી જાય છે

આમાં હવે બે વાર પરીક્ષા લેવાશે તો ડર છ. મહિને વિદ્યાર્થી વાલીઓનો ઉજાગરો ટેન્શન વધશે પહેલા વરસમાં એક જ વાર ઉજાગરો ટેન્શન ચિંતા હતી હવે વરસમાં બે વાર દર છ મહિને ટેન્શન ઉજાગરો ચિંતા વધશે.

ફિકરમાં બે ફિકરમાં વિધાર્થીઓ સરખું જમી શકતા નથી જરૂરી પૂરતી ઊંઘ પણ લઈ શકતા નથી અરે વિદ્યાર્થીઓનું વજન પણ ઘટી જાય છે આવી રીતે વિદ્યાર્થીઓ અને વાલીઓ આખા પરિવારને હેરાન પરેશાન કરવાનો કઈ મતલબ નથી.વિદ્યાર્થીઓ શિક્ષકો શિક્ષણ કોઈનું પણ આવા નિર્ણયથી ભલું થવાનું નથી આ નિર્ણય તાકીદે પાછો ખેંચાવો જોઈએ.

એને બદલે બોર્ડની પરીક્ષા શાળાઓ લે તે શિક્ષણના હિતમા હશે. વિદ્યાર્થીઓ વાલીઓ શિક્ષકો બધાની ચિંતા ટેન્સન એક સાથે દુર થઈ જાય બોર્ડની પરીક્ષાઓ હવે શાળાઓને. સોંપી દેવાની ખાસ જરૂર છે

વિદ્યાર્થીઓની સમજશક્તિ વિકસે વિષયોની સમજ ઊંડી થાય એ પ્રમાણે અભ્યાસ કરાવવો જોઈએ જીવનમાં આગળ કામ લાગે વ્યવહારુ કલા કોશલ્ય પર વધુ ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# ચાણસ્મા મામલતદાર કચેરી દ્વારા ચાણસ્મા . મીઠાધરવા . ગોખરવા તેમજ જસલપુર ગામે તીથી ભોજન અપાયુ.



અન્નદાન એજ મહાદાન મુજબ પવિત્ર શ્રાવણ માસની અંદર વિવિધ સંસ્થાઓ તેમજ દાતાઓ દ્વારા અન્નદાન તેમજ પુન્યદાન કરાતા હોય છે ત્યારે ચાણસ્મા મામલતદાર કચેરી દ્વારા ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડાની રાહબારી હેઠળ ચાણસ્મા તાલુકામાં છેલ્લા બે દિવસથી તીથી ભોજન આપવામા આવી રહ્યું છે ત્યારે ગઈકાલના રોજ ચાણસ્માના મામલતદાર કચેરીના તમામ સ્ટાફ દ્વારા ચાણસ્માની કુમાર શાળા ૧ મા તેમજ મીઠાધરવા ગામે ડેપ્યુટી મામલતદાર ઇ. ધરા રૂષ્વીબેન દ્વારા પ્રાથમીક શાળાના બાળકોને તીથી ભોજન અપાયું હતુ તેમજ આજરોજ ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડાની દ્વારા જસલપુર ગામે પ્રાથમિક શાળાના બાળકોને તિથી ભોજન આપવામા આવ્યુ હતું તેમજ ગોખરવા ગામે ડેપ્યુટી મામલતદાર મહેશભાઈ લુહારીયાની દ્વારા તીથી ભોજન આપવામા આવ્યું હતું તેમજ ડેપ્યુટી મામલતદાર જી.પી.પટેલ દ્વારા ગંગાપુરા પ્રાથમીક શાળામા તીથી ભોજન આપવામાં આવ્યુ હતુ આ પ્રસંગે ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડા. ડેપ્યુટી મામલતદાર મહેશભાઇ લુહારીયા.ઇ. ધરા. ડેપ્યુટી મામલતદાર રૂષ્વીબેન. સર્કલ શ્રી ગીરીશભાઈ ડેપ્યુટી મામલતદાર જી.પી.પટેલ સહિત ચાણસ્મા મામલતદાર કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

**ઘનશ્યામ બિરલા નાં પિતાશ્રી પુણ્યતિથી નિમિત્તે**

# સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા વૃક્ષારોપણ રક્તદાન કેમ્પ તેમજ મેડિકલ કેમ્પ નું આયોજન



**સુરત શહેર નાં સામાજિક અગ્રણી તેમજ સ્વર્ણીમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત નાં પ્રમુખ તેમજ રેડ ક્રોસ બ્લડ બેંક નાં કો ઓર્ડીનેટર ઘનશ્યામ બિરલા નાં પિતાશ્રી છગન ભગત વસાણી ની ૧૧ મી પુણ્યતિથી નિમિત્તે ધારૂકા વાળા મહિલા કૉલેજ નાં સયુંકત ઉપક્રમે વૃક્ષારોપણ રક્તદાન કેમ્પ તેમજ ચક્ષુનીદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં કૉલેજ ની વિદ્યાર્થિની ઓએ ઓએ આં કેમ્પ નો લાભ લીધો હતો**

**સવારે ઉતરાણ ખાતે આવેલ કોર્પોરેશન ની જોન ઓફિસ માં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ ની જાગૃતિ માટે નાં સપથ લીધા હતા**

**તેમજ ધારૂકા વાળા કૉલેજ ખાતે રકતદાન કેમ્પ વૃક્ષારોપણ તેમજ ચક્ષુ નિદાન કેમ્પ નું આયોજન પણ કરવામાં આવ્યું હતું**

**આજના આ પોગ્રમમા ડાયમંડ એસોસિયેશન નાં પ્રમુખ નાનુ ભાઈ વેકરીયા મણી એક્સપોર્ટ નાં નાગજીભાઈ સોજીત્રા સચિન જીઆયડીસિ નાં પ્રમુખ નિલેશ લીબાસિયા સમાજ અગ્રણી શ્રી.દેવચંદભાઈ કાકડીયા ભરત જસાણી સંજયભાઈ મારુતિ ધુંન મંડળ મનસુખ લાખાણી .તેમજ શોભાના કાકડીયા જેવા મહાનુભાવો એ હાજરી આપી હતી ને આવા સુંદર લોકહિત નાં કાર્ય દ્વારા પિતાની પુણ્યતિથી મનાંવવા બદલ બિરલા ને હાર્દિક સુભેછા પાઠવી હતી**

**આ કાર્યક્રમ ને સફળ બનાવવા કૉલેજ નાં પ્રિન્સિપાલ દિલીપ વરસાની તેમજ કૉલેજ સ્ટાફ તથા સંસ્થા નાં મંત્રી શ્રી ડો મુકેશ પડ્સાલા ઉપ્રમુખ ડો મધૂકાંત ગોંડલિયા ટ્રસ્ટી શ્રીઓ હરેશ માંગરોલિયા. બાબુ વેકરીયા.ઘનશ્યામ પાધરા.દિલીપ વરસાની.કવિ સુરેશ વિરાણી અને મહેન્દ્ર હીરપરા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી**

# ઢોર ડબ્બાના કામની ક્ષતિઓ તાત્કાલિક સુધારવા તાકીદ

ગાંધીનગર મહાનગરપાલિકાના વિવાદાસ્પદ ઢોર ડબ્બામાં પશુઓ માટે વધુ સુવિધા ઊભી કરવાની કામગીરીમાં વિવિધ ક્ષતિઓ સુધારવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલે સૂચના આપી છે. જશવંત પટેલે ઢોર ડબ્બાની મુલાકાત લેતા કામમાં વિવિધ ક્ષતિઓ સામે આવી હતી. પશુઓને ગરમીમાં રાહત મળે તે માટે છતના ફેબ્રિકેશનમાં સ્પિંકલર લગાવવા સૂચના આપી હતી. તાજેતરમાં આરસીસી સ્ટ્રક્ચર બનાવાયું છે તેમાં પાણી ભરેલું ન હતું જેથી તાત્કાલિક પાણી ભરવા જણાવાયું હતું. ફેબ્રિકેશનના કામમાં કાટ આવી ગયો છે જેથી રેડ ઓક્સાઇડ લગાવી એન્ટી કોરોસિવ પેઇન્ટ કરવા સૂચના આપી હતી.

# પાટણના દિવ્ય આશિષ કોમ્પલેક્ષમાં વ્યાપારીઓ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં હવનનું આયોજન કરાયું



પાટણ શહેરના દિવ્ય આશિષ કોમ્પલેક્ષમાં વ્યાપારીઓ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં હવનનું આયોજન કરાયું જેમાં રંગતાલી નોવેલ્ટી સ્ટોર ના વેપારી શ્રી અલ્પેશભાઈ ગણપતભાઈ પ્રજાપતિ હવનમાં બેઠા હતા. હવન થી સમગ્ર કોમ્પ્લેક્સ શિવ મહિમાથી ગુંજી ઉઠ્યું હતું વ્યાપારી મિત્રો એ પરિવાર સાથે દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી..

# મહાપાલિકાની 3 ટીપી સ્કીમને દોઢ વર્ષથી મંજૂરી મળતી નથી

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા સમાવિષ્ટ વિસ્તારોના વિકાસ માટે મહાનગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનીગ સ્કીમો બનાવવાની કામગીરી ઝડપી બનાવી છે પરંતુ રાજય સરકાર દ્વારા નિયત સમયમાં મંજૂરી ન અપાતા શહેરનો વિકાસ રૂંધાયો છે. નવા સમાવાયેલા વિસ્તારોમાં ટાઉન પ્લાનીંગની ખાસ જરૂરિયાત છે પરંતુ સરકારમાંથી સમયસર મંજૂરી મળતી નથી. મહાનગરપાલિકાની ડ્રાફ્ટ સ્કીમો સરકારમાં અટવાઇ ગઈ છે. ત્રણ ડ્રાફ્ટ ટીપીને દોઢ વર્ષ કરતા પણ વધારે સમય થયો છે પરંતુ સરકારે હજુ તેને મંજૂરી આપી નથી.વર્ષ ૨૦૧૯માં ગાંધીનગર મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ થયું હતું. જેમાં ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ૧૮ ગામો અને ટીપી વિસ્તારો ઉપરાંત અન્ય ગ્રામ પંચાયત તેમજ પેથાપુર નગરપાલિકાનો સમાવેશ ગાંધીનગર મહાનગરપાલિકામાં થયો હતો. અગાઉ ગુડા દ્વારા ટીપી સ્કીમો તૈયાર કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ ટાઉન પ્લાનીંગની કામગીરી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી હતી. નવા સમાવિષ્ટ વિસ્તારો ગાંધીનગર મહાનગરપાલિકામાં ભળ્યા પછી તે વિસ્તારના લોકોમાં શહેર જેવી માળખાકીય સુવિધા, રસ્તા સહિતની સગવડો મળે તેવી અપેક્ષા છે. જેના પગલે મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોને આવરી લઇને ત્રણ જેટલી ડ્રાફ્ટ ટીપી સ્કીમો ઝડપથી તૈયાર કરી હતી અને સરકારને મોકલી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.